# B. J. MEDICAL COLLEGE DEVELOPMENT SOCIETY

CIVIL HOSPITAL CAMPES, AHMEDABAD - 380016. (INDIA)

Trust No. : F/14759/AHMEDABAD
Society No. : GJ/15027/AHMEDABAD

DEAN : 079 - 22681024
OFFICE : 079 - 22680074
FAX : 079 - 22683067
Email : dean.bjmc@hotmail.com


No. : BJMCDS/Sensoria/Magazine/243-14/2023 Date : 01/05/2023

**BJITE'S Sensoria Magazine છાપકામ કરાવવા અંગે ભાવ મંગાવવા માટેની જાહેર ખબર**

સને ૨૦૨૩–૨૪ માં અત્રેની સંસ્થાના શૈક્ષણિક ઉપયોગ માટે નીચે મુજબની સ્ટેશનરીને છાપકામ કરાવવાની જરૂરીયાત ઉભી થયેલ છે. આથી આ અંગેની સ્ટેશનરીનું છાપકામ માટેની કામગીરી કરતાં હોઈ / ડીલરશીપ રજીસ્ટ્રેશન ધરાવતા હોય તો તેવી કંપની/એજન્સીના સ્પર્ધાત્મક ભાવો નીચેના કોષ્ટકની વિગતોએ અને શરતોને આધિન રહીને તા.૨૯/૦૪/૨૦૨૩ સુધીમાં મંગાવવામાં આવેલ હતા. પરંતુ તા.૨૯/૦૪/૨૦૨૩ સુધીમાં અત્રેની કચેરીને આ અંગેના ક્વોટેશનો લઘુતમ માત્રામાં મળેલ ન હોવાથી આ અંગેના ક્વોટેશનની અવધિ તા.૦૬/૦૫/૨૦૨૩ સુધી નીચેના કોષ્ટકની વિગતોએ અને શરતોને આધિન રહીને લંબાવવામાં આવે છે.

| અ.નં. | વિગત | અંદાજીત જથ્થો | મુળ ભાવ રૂા. | જી.એસ.ટી. % | કુલ ભાવ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧. | **BJITE'S Sensoria Magazine Printing**<br>Size: 8.5" * 11 (215 * 280 mm)<br>Page: 60 to 68 pages (90 GSM thicknesses)<br>All Pages multi Color<br>Cover page: Multicolor 2 pages (4 sides): 300 GSM thickness with lamination<br>Centre pin binding | ૫૦૦ નંગ | | | |
| | | ૭૫૦ નંગ | | | |
| | | ૧૦૦૦ નંગ | | | |

**શરતો :–**

(૧) કંપની/એજન્સીના ભાવો સીલબંધ કવરમાં સુવાચ્ય અક્ષરોમાં અને કંપનીના લેટરપેડમાં ટાઈપ કરી આપવાના રહેશે. અને કવર ઉપર "**BJITE'S Sensoria Magazine** છાપકામ કરાવવા અંગેનું ક્વોટેશન" તેવુ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

(૨) કંપની / એજન્સીના ભાવ તમામ ટેક્ષ / કરવેરા સહિત ભરવાના રહેશે અને સૌથી ન્યુન્તમ ભાવ હશે તેવા ભાવ કમિટી મારફતે મંજુર કરવાપાત્ર થશે.

(૪) કમિટી મારફતે મંજુર કરેલ ભાવો પ્રમાણે જ અને કામગીરીના આદેશ મુજબ સંતોષકારક રીતે થયેલ છાપકામના બીલો ચાલુ નાણાંકીય વર્ષમાં મોકલવાના રહેશે.અને અત્રેની કચેરીને બીલ મળ્યા બાદ દિન–૧૫ સુધીમાં ચુકવણાં કરવામાં આવશે.

(૫) સ્ટેશનરી છાપકામની ગુણવત્તા ડીનશ્રીની કચેરી હસ્તકની કમિટી નકકી કરશે. અને માંગણી મુજબ હશે તો જથ્થો ચલણથી સ્વીકારવામાં આવશે.

(૬) કંપની/એજન્સીના ભાવો મેમ્બર સેક્રેટરીશ્રી, બી.જે.મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ–૩૮૦૦૧૬ ખાતે પહોંચાડવાના રહેશે. ટ્રાન્સપોર્ટ / ટ્રેન મારફતે મોકલાવેલ ચીજવસ્તુઓનું ભાડુ અત્રેથી ચુકવવામાં આવશે નહી.

(૭) છેકછાકવાળા, ઓવરરાઈટીંગવાળા તથા સીલબંધ કવરમાં ન હોઈ તેવા તેમજ નિયત સમય કરતા મોડા આવેલ ભાવો ગણતરીમાં લેવામાં આવશે નહી અને રદ કરવામાં આવશે. અને જે અંગેની કોઈપણ પ્રકારની જાણ અત્રેની કચેરીએથી કરવામાં આવશે નહી.

(૮) ક્વોટેશનમાં કવર ઉપર અત્રેના પત્ર ક્રમાંક તેમજ ક્વોટેશન સ્વીકારવાની છેલ્લી તારીખ અવશ્ય લખવાની રહેશે.

(૯) ઉપરોક્ત સ્પેશીફિકેશન મુજબ છાપકામ થયેલ જથ્થો સમય મર્યાદામાં મોકલવામાં આવશે તો તે સ્વીકારવામાં આવશે સમયમર્યાદા બાદ સ્વીકારવામાં આવશે નહિ.

(૧૦) બીલની સાથે નાણાં મળ્યાની એડવાન્સ સ્ટેમ્પ રીસીપ્ટ અચુક મોકલી આપવાની રહેશે.

(૧૧) ઉકત દર્શાવેલ જાહેર ખબર અને મેગેઝીન છાપકામ કામગીરીના તમામ હક્ક/નિર્ણય અત્રેની કચેરીના ડીનશ્રીને આધિન રહેશે.

ઉપરોક્ત છાપકામ કામગીરીના ભાવો તા.૦૬/૦૫/૨૦૨૩ ને સાંજના ૫–૦૦ કલાક સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ રૂબરૂ કે ટપાલ મારફતે મળેલ ક્વોટેશન સ્વીકારવામાં આવશે નહી.

મેમ્બર સેક્રેટરી
બી. જે. મેડીકલ કોલેજ ડેવલોપમેન્ટ સોસાયટી,
અમદાવાદ

સ્થળ :– અમદાવાદ
તા.૦૧/૦૫/૨૦૨૩

કોલેજ વેબસાઈટ અને કોલેજ નોટીસ બોર્ડ